# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. **મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ઉદ્યોગ અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા અપીલ કરી.**
2. **રાષ્ટ્રીય મતદાતા દિવસ પર પ્રધાનમંત્રીએ મતદાતાને લોકશાહીનો આત્મા ગણાવીને બંધારણના ઘડવૈયાઓને યાદ કર્યા.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના બેચરાજી તાલુકા ના ચંદનકી ગામમાં ચાલતા સામુદાયિક રસોડાની પ્રશંસા કરી.**
4. **કેનેડાના પ્રધાનમંત્રી એ ટ્રમ્પની નવી ટેરિફ ધમકીના કેનેડાની જ વસ્તુઓ ખરીદવા કેનેડિયનોને અપીલ કરી.**
5. **ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે ગુવાહાટીમાં મેચ રમાશે.**

,,......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - MANN KI BAAT (PAGE 1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને , ખાસ કરીને ઉદ્યોગ અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા અપીલ કરી છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને વિશ્વ ભારત પર નજર રાખી રહ્યું છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત થતી દરેક વસ્તુની ગુણવત્તા સુધારવા માટે સંકલ્પ લેવા હાકલ કરી.

## બાઇટ - PM-MODI-ON-QUALITY

પ્રધાનમંત્રીએ કહ્યું કે , દસ વર્ષ પહેલાં , જાન્યુઆરી 2016 માં, રાષ્ટ્રએ સ્ટાર્ટ-અપ ઇન્ડિયાની શરૂઆત સાથે એક મહત્વાકાંક્ષી યાત્રા શરૂ કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે, આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ્સ ઇકોસિસ્ટમ બની ગયું છે.

રાષ્ટ્રીય મતદાતા દિવસ પર શ્રી મોદીએ કહ્યું કે , મતદાતા લોકશાહીનો આત્મા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, જ્યારે પણ કોઈ યુવાન પહેલી વાર મતદાર બને છે, ત્યારે સમગ્ર વિસ્તાર , ગામ કે શહેરે તેને અભિનંદન આપવા અને મીઠાઈઓ વહેંચવા માટે ભેગા થવું જોઈએ.

## બાઇટ - PM-MODI-ON-YOUTH-VOTER

રાષ્ટ્ર આવતીકાલે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરશે , શ્રી મોદીએ કહ્યું કે , બંધારણ આ જ દિવસે અમલમાં આવ્યું છે અને તે બંધારણના ઘડવૈયાઓને શ્રદ્ધાંજલિ અર્પેછે.

# PM - MANN KI BAAT (PAGE - 2)

તેમણે યુવાનોમાં વધતી જતી ભક્તિનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો.તેમણે શ્રી અન્નનો ઉલ્લેખ કરીને લોકોને તેનો વધુમાં વધુ ઉપયોગ કરવા આહ્વાન કર્યું ..

તમસા નદીને નવું જીવન આપનારા આઝમગઢના લોકોની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે , તમસા ફક્ત એક નદી નથી , તે સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનો જીવંત સાતત્ય છે.

## બાઇટ - MKB--AZAMGARH-RIVER

મલેશિયામાં **500** થી વધુ તમિલ શાળાઓ છે અને તમિલ ભાષા શીખવવા ઉપરાંત, અન્ય વિષયો પણ તમિલમાં શીખવવામાં આવે છે. તેલુગુ અને પંજાબી સાથે અન્ય ભારતીય ભાષાઓ પર પણ ઘણું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું, મલેશિયા ઇન્ડિયા હેરિટેજ સોસાયટીએ ગયા મહિને "લાલ પદ સાડી" પ્રતિષ્ઠિત પદયાત્રાનું આયોજન કર્યું હતું.

શ્રી મોદીએ ગુજરાતના બે ચરાજીમાં ચંદનકી ગામની અનોખી પરંપરાનો ઉલ્લેખ કર્યો જ્યાં આખા ગામ માટે ભોજન સમુદાયના રસોડામાં રાંધવામાં આવે છે અને લોકો સાથે બેસીને જમવા બેસે છે.

## બાઇટ - PM-MODI-ON-COMMUNITY-KITCHEN

પ્રધાનમંત્રીએ કહ્યું કે , આવતા મહિને યોજાનારી ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ એઆઈની દુનિયામાં ભારતની પ્રગતિ અને સિદ્ધિઓને ઉજાગર કરશે.

. . . .

# PM- VOTER'S DAY LETTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય મતદાતા દિવસના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે મતદાતા બનવું એ ગર્વની ક્ષણ છે અને તેની ઉજવણી થવી જોઈએ.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ “મારુ ભારત સ્વયંસેવકો” નો એક પત્ર શેર કર્યો. આ પત્રમાં, પ્રધાનમંત્રીએ સ્વયંસેવકોને એક થવા અને દેશમાં પહેલીવાર કોઈ યુવાન મતદાર તરીકે નોંધણી કરાવે ત્યારે તે ક્ષણની ઉજવણી કરવા અપીલ કરી.

. . . . . .

# NATIONAL TOURISM DAY

આજે દેશ રાષ્ટ્રીય પ્રવાસન દિવસ ઉજવી રહ્યું છે , ત્યારે નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયોએ જણાવ્યું છે કે આ પ્રસંગ આપણા વારસાની સમૃદ્ધિ અને પરંપરાઓની વિવિધતાની ઉજવણી કરે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રિયોએ એવા પ્રવાસનને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો જે ટકાઉ, સંસ્કૃતિઓનો આદર કરનાર, પર્યાવરણીય રીતે જવાબદાર અને સ્થાનિક સમુદાયો માટે ફાયદાકારક હોય.

. . . . . . . . . .

# IMPORTANT ANNOUNCEMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 77 મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધનનું પ્રસારણ આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે 7 વાગ્યાથી પ્રસારિત થશે જેના કારણે આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાને બદલે સાંજે 6 વાગે પ્રસારિત થશે, જેની તમામ શ્રોતા મિત્રોએ નોંધ લેવા લેવી.

. . . . . . . .

# PREZ -VP- PM-HP-STATEHOOD DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશ રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી છે.

હિમાચલ પ્રદેશ આજે તેનો 56મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. સ્થાપના દિવસની ઉજવણી કાંગડા જિલ્લાના પ્રાગપુરમાં યોજાશે. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. 1971માં

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે હિમાચલ પ્રદેશ , જે તેની આધ્યાત્મિક પરંપરાઓ માટે દેવભૂમિ અને બહાદુરીના વારસા માટે વીરભૂમિ તરીકે ઓળખાય છે

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાજ્યએ શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન અને ટકાઉ વિકાસમાં પ્રશંસનીય પ્રગતિ કરી છે , જે રાષ્ટ્રની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે રાજ્યના લોકોએ હંમેશા તેમની નોંધપાત્ર પ્રતિભા અને બહાદુરીથી ભારત માતાની સેવા કરી છે. તેમણે રાજ્યને પ્રકૃતિ અને સંસ્કૃતિનો સંગમ પણ ગણાવ્યું.

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . .

# BUY-BUILD CANADA

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ ટ્રમ્પની નવી ટેરિફ ધમકીના જવાબમાં 'કેનેડિયન ખરીદો ' અને 'કેનેડિયન બનાવો 'નો નારો આપ્યો છે. પીએમ કાર્નેએ તેમના અંગત સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વિડીયો પ્રકાશિત કર્યો હતો , જેમાં અન્ય દેશોના આર્થિક જોખમોનો સામનો કરવા માટે કેનેડિયન ચીજવસ્તુઓ ખરીદવા અને આર્થિક રીતે સજ્જ બનાવવા વિશે જણાવવામાં આવ્યું હતું.

વિડીયોમાં તેમણે કહ્યું હતું કે , કેનેડાના અર્થતંત્રને વિદેશથી જોખમ હોવાથી , કેનેડિયનોને આ આ હાકલ કરી હતી.

જોકે તેમણે યુનાઇટેડ સ્ટેટ્સનો સીધો ઉલ્લેખ કર્યો ન હતો , કેનેડિયન વડા પ્રધાને કહ્યું હતું કે, તેઓ અન્ય રાષ્ટ્રો શું કરે છે તે નિયંત્રિત કરી શકતા નથી. પરંતુ તેઓ પોતાના શ્રેષ્ઠ ગ્રાહક બની શકે છે.

. . . . . .

# CRICKET- T20

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીનો ત્રીજો મુકાબલો આજે ગુવાહાટીમાં રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. ભારત શ્રેણીમાં 2-0થી આગળ છે.

. . . .

# BANGLADESH-DETAINED

શુક્રવારે બપોરે ઝેનૈદાહના મહેશપુર સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા મહિલાઓ અને બાળકો સહિત 21 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

બાગડાંગા, કુમિલ્લાપારા અને ખોશાલપુર સરહદ ચોકીઓની પેટ્રોલિંગ ટીમોએ સવારથી બપોર સુધી સરહદી વિસ્તારોમાં કામગીરી હાથ ધરી હતી જેમાં આ તમામ 21 ઝડપાયાં હતા.

**BGB** એ જણાવ્યું હતું કે અટકાયત કરાયેલા વ્યક્તિઓને બાદમાં વધુ કાનૂની કાર્યવાહી માટે મહેશપુર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા હતા.

. . . . . . . . . .